સુવર્ણપ્રાશનથી બુદ્ધિ વધે અને તે અહીં મફત આપવામાં આવે છે એ વાત સાચી પણ તેનાથી તારામાં આ ઉંમરે હવે બુદ્ધિ ન વધે !

# શેઠ સી એમ હાઈસ્કૂલના ખેલાડીઓ એથ્લેટીક્સ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર પશ્ચિમ વ્યાયામ મંડળ દ્વારા તાજેતરમાં ખેલકૂદ સ્પર્ધાઓ ડી.એસ.પી. ગ્રાઉન્ડ, સેકટર-૧૭ ખાતે આ યોજાયેલ વિવિધ સ્પર્ધામાં શેઠ. સી.એમ. હાઈસ્કુલે ભાગ લીધો હતો.

અંડર-૧૭ ભાઈઓ જુનિયર વિભાગમાં નિતિન પટેલ ૨૦૦ મીટરમાં પ્રથમ, સચિન પટેલ લાંબીકૂદમાં પ્રથમ, મોહમદ ઈસરત એ સુમરા ૮૦૦ મીટર દોડમાં બીજા ક્રમે અને જલદચાલમાં પ્રથમ સ્થાને, સૂર્યદીપ ચૌહાણ ૪૦૦ મીટરમાં પ્રથમ, અકુલાશ ગામીત ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ, મિલન ચૌધરી જલદ ચાલમાં બીજો, અજય કુંચા વાંસકૂદમાં પ્રથમ, વિશાલ ઠાકોર વિઘ્નદોડમાં બીજો, પ્રકાશ પંચાલ હથોડા ફેકમાં બીજો, દર્પણકા છડીયાલ લંગડી ફાળકૂદમાં પ્રથમ, હવસી દેસાઈ લંગડી ફાળ કૂદ અંડર-૧૯માં બીજો ક્રમાંક મેળવ્યો હતો. નિતિન પટેલ, સચીન પટેલ, મોહમદ ઈસરત સુમેરા, સૂર્યદીપ, અકુલાશ, અજય, દર્પણને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. તમામ ખેલાજીઓને ખેલકૂદની તાલીમ શાળાના વ્યાયામ શિક્ષક પ્રહલાદભાઈ પટેલ, લાભુભાઈ દેસાઈ અને સંજયભાઈ પટેલે આપી હતી. શાળાના આચાર્ય બી.કે. પટેલ, સુપરવાઈઝર એચ.કે. પટેલ અને શાળા પરિવાર તરફથી તમામ ખેલાડીઓ અને વ્યાયામ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા ખાતે મહિલા ખેલાડીઓની અહલ્યાબાઈ ગૃહ અને લક્ષ્મીબાઈ ગૃહ વચ્ચે ફૂટબૉલની પ્રથમ આંતરગૃહ સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા પ્રા. રમેશભાઈ પટેલે મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધા અધ્યક્ષ પ્રા. નિમેષ ચૌધરીએ ખેલાડીઓની ઓળખાણ કરાવી હતી. સ્પર્ધામાં અહલ્યાબાઈ ગૃહ વિજેતા થયું હતું.

# ભક્તિ અને ઉપાસના થકી જ જ્ઞાનમાં પ્રવેશ થઈ શકે છે

શ્લોક-૨૭

ભક્તિ અને ઉપાસના થકી જ જ્ઞાનમાં પ્રવેશ થઈ શકે છે. અહમને ઓગાળી દેવો અને પરમતત્ત્વમાં સ્થિત થવું. આ બધું કરીએ તેના માટે ભગવાનના સર્વસ્વરૂપ રૂપ ઓમકારનું ઉચ્ચારણ કરવું જોઈએ. હે સર્વને શરણ આપનારા સર્વના આશ્રયદાતા. આપના વ્યક્ત સ્વરૂપનું ઓમકારથી ઉચ્ચારણ થાય છે. વ્યક્ત એટલે કે સર્વત્ર છવાયેલ વિસ્તરેલ સ્વરૂપ એક વ્યાપક અખંડ સમરસ તત્ત્વને અને સમસ્ત જગત નામનરૂપે વિસ્તાર પામેલ ખંડ-ખંડ રૂપ સ્વરૂપને ઓમકાર દર્શાવે છે. વ્યસ્ત ઓમકાર - અકાર ઉકાર અને મકાર માત્રા ત્રણ સ્વરૂપે વ્યસ્ત થયેલ છે, વિભાજિત થયેલ છે.

અખંડ ૐકાર એ સમસ્ત ઓમ છે. તે નિર્ગુણ સ્વરૂપને દર્શાવે છે. વ્યસ્ત ઓમકાર ઈશ્વરના ભિન્ન-ભિન્ન સ્વરૂપને દર્શાવે છે. સમસ્ત અને વ્યસ્ત ઓમકાર અલગ અલગ રૂપે નહિ પરંતુ બંને સ્વરૂપ અવિભાજ્ય અભિન્ન એકરૂપે જ રહેલા છે. જે ચૈતન્ય નિરઅવયવ એ જ સમસ્ત અવયવની પાછળ રહેલું છે. સર્વનામ રૂપની પાછળ એક જ સત્ ચિત્ આનંદ સ્વરૂપ રહેલું છે.

જલનો કોઈ રસ ન હોવા છતાં સર્વને રસત્વ પ્રદાન કરનાર છે તેવી રીતે જગતના નામ-રૂપોને ઉજાળનાર એવું આનંદ સત્ ચિત્ સ્વરૂપે રહેલું છે.

વ્યસ્ત ઓમકાર - અકાર ઉકાર મકાર વર્ણ છે.

ત્રયી વેદ - ઋગ્વેદ સામવેદ યજુર્વેદ વેદ છે.

અવસ્થા - જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ ત્રણ અવસ્થા છે.

અવસ્થાનો અનુભવ કરનાર જીવ વિશ્વ તૈજસ પ્રાજ્ઞ વ્યષ્ટિ રૂપે

ઈશ્વર વિરાટ હિરણ્યગર્ભ ઈશ્વર સમષ્ટિ રૂપે

શરીર સ્થૂળ સૂક્ષ્મ કારણ

દેવ બ્રહ્મા વિષ્ણુ મહેશ દેવરૂપે

જ્યારે અ બોલીએ ત્યારે મુખ વિકસીત હોય છે. ઉકારથી અર્ધખુલ્લું અર્ધું બંધ રહે છે અને મકારથી મુખ બંધ થઈ જાય છે.

જાગ્રત અવસ્થા છે. સામાન્ય રીતે જીવ આ ત્રણ અવસ્થામાં રહે છે. જે અવસ્થામાં હોય, વ્યવહાર કરતો હોય તે તે અવસ્થાના અભિમાની વિશ્વ તૈજસ પ્રાજ્ઞ છે. સમષ્ટિરૂપે વિરાટ હિરણ્યગર્ભ અને ઈશ્વર છે. સમસ્ત બ્રહ્માંડ ત્રણ અવસ્થામાં જ છે.

પુષ્પદંતજી કહે છે, હે પ્રભુ. લોકો આપને સ્થૂળ-સૂક્ષ્મ-કારણ સ્વરૂપે દર્શાવે છે તેનાથી પર એવું નિર્ગુણ નિરાકાર તુરીય સ્વરૂપ છે કે જે આપનું ચતુર્થ સ્વરૂપ છે, જે ત્રણેની પાછળ રહેલું છે. ચૈતન્ય સિવાય જાગ્રત-સ્વપ્ન કે સુષુપ્તિનું સુખ અનુભવી શકાય નહિ તેવું તુરીય તત્ત્વ ત્રણે અવસ્થાની પાછળ વ્યાપ્ત છે. અને છતાં ત્રણેયથી રહિત અસંગત એવું તત્ત્વ જને ઓમકાર સ્વરૂપે યોગીઓ વારંવાર ઉચ્ચારણ કરી જાનને સમાહિત કરે છે, જેના પરિણામે ઓમકારનું ઉચ્ચારણ શાન્ત થઈ જાય છે જ્યાં વાસ્તવમાં ઉચ્ચારણ પણ રહ્યું નથી તેવો નાદ તેને અહીં અણુભિઃ તરીકે દર્શાવેલ છે.

અકાર ઉકાર મકાર માત્રા છે. તે એક માપ છે, મર્યાદા રહેલી છે. પરંતુ ઓમકાર ઉચ્ચારણ પછીની શાંતિનું કોઈ માપ નથી, માટે વેદાન્તમાં તેને અમાત્ર કહે છે. જે તુરીય બ્રહ્મસ્વરૂપને સૂચિત કરે છે. ફરી શાન્તિમાંથી ઓમકારનો ઉદ્ભવ થાય છે. શાન્તિ છતાં ધ્વનિ લય થાય છે તે શાન્તિને અમાત્ર કહે છે. તુરીયમાં કોઈ વ્યવહાર નથી માટે શાન્તિ શિવરૂપ છે.

આમ ઓમ શબ્દ આપના બંને (સગુણ અને નિર્ગુણ) સ્વરૂપને દર્શાવે છે. ઓમકાર વાચક છે, ઈશ્વર વાચ્યાર્થ છે અને અધિષ્ઠાન સ્વરૂપને લક્ષ્યાર્થ તરીકે પણ દર્શાવે છે. સૂઈ ગયેલ વ્યક્તિની શ્રવણેન્દ્રિય લીન થઈ ગઈ હોવા છતાં તેનું નામ બોલવામાં આવે તો તે જાગી જાય છે. આમ, પ્રણવ ઉપાસનાથી ચિત્ત શુદ્ધ થાય છે તેનું ધ્યાન કરવાથી પરમાત્માના વ્યક્ત સ્વરૂપને સમજી શકે છે, એને બરાબર સમજી લે તે જે જોઈએ તે પ્રાપ્ત કરી લે છે.

શ્લોક - ૨૮

માત્ર શુદ્ધ ઓમકારના ચિંતનનો અધિકારી સામાન્ય મનુષ્ય નથી. શુદ્ધ ઓમકાર વૈરાગ્ય પ્રદાન કરનાર છે. માટે આ અધિકારીત્વ સંન્યાસીને જ છે. સંન્યાસીનો વૈરાગ્ય ટકી રહે માટે પ્રણવ જપ કરતો રહે તે જરૂરી છે. સામાન્ય સંસારી મનુષ્યો માટે ચિંતન-ધ્યાન કરી શકે તેવા ભગવાન નામ દર્શાવે છે. ભગવાનના આવા આઠ નામ છે :

ભવ - જેમાંથી બધું ઉત્પન્ન થાય છે, તે શંભુ. મંચમહાભૂતની જલમૂર્તિના સૂચક છે. પ્રલયકાલે પૃથ્વી તેમાં લય થાય છે. તેનું કારણ ભગવાન છે. પરમાત્માના સૃષ્ટિ કર્તુત્વને દર્શાવે છે.

શર્વ - જે અવિદ્યાનો નાશ કરનાર છે, જે જગતની સ્થિતિને બનાવી રાખનાર છે. પાપી-પુણ્યાત્મા સર્વને ક્ષમા પ્રદાન કરી પોતાનામાં રાખનાર છે, રક્ષણ કરનાર છે, સર્વને શરણ આપનાર છે તે શિવ. આ પૃથ્વીમૂર્તિનું સૂચક છે.

રૂદ્ર - જે દુખને ઓગાળી નાખે તેને રૂદ્ર કહેવાય છે. પ્રલયકાલે સર્વ જીવોને સુવાડી દે છે, અનેક યોનિઓના જન્મ-મરણના થાકને ઉતારી દે છે. સંહાર સ્વરૂપ છે, અગ્નિમૂર્તિનું સૂચક છે.

પશુપતિ - સર્વ જીવો બ્રહ્માજીથી પતંગિયા સુધીના બધા જીવોના તે પતિ છે, જે બંધાયેલ છે તેને પશુ કહેવાય. આવા બંધનયુક્ત જીવોના પતિ છે. ભગવાનની આત્મમૂર્તિનું સૂચન થાય છે જે સાક્ષીરૂપે રહેલા છે.

ઉગ્ર - ભગવાનનું આ સ્વરૂપ વાયુમૂર્તિનું સૂચન કરે છે. હનુમાનજી, ભીમ આ બધા વાયુપુત્રો કહેવાય છે. જીવો ઉપર માયાનું આવરણ આવી જાય તેવું તિરોધાન સ્વરૂપ છે.

સહમહાં - જે મહા શબ્દની સાથે છે તેથી મહાદેવ કહેવાય છે. ઈશ્વરની ચંદ્રમૂર્તિને દર્શાવે છે, જે હંમેશા ભક્તને શીતલતા પ્રદાન કરે છે. સર્વ જીવોના મનના અધિષ્ઠાતા દેવ છે. મનને આનંદ પ્રદાન કરનારા છે.

ભીમ - આ શબ્દનો અર્થ વિશાળ, વ્યાપક થાય છે. વ્યાપકતાને સૂચિત કરે છે. તે આકાશમૂર્તિને દર્શાવે છે, જે સર્વને જગ્યા પ્રદાન કરે છે, સર્વને પોતાનામાં આશ્રય પ્રદાન કરનાર છે.

ઈશાન - જે સૂર્યમૂર્તિના સૂચક છે. સર્વ જીવોને જીવન પ્રદાન કરનાર છે, સર્વને સ્થિતિ પ્રદાન કરે છે.

ભગવાનના આ આઠેય નામોમાં શ્રૃતિ વિચરણ કરે છે. દેવતાઓના કાન પણ આ આઠ નામ સાંભળવા ઉત્સુક રહે છે. એવા આપ શંભુને નમસ્કાર જે મને બહુ જ પ્રિય છે. સૌથી પ્રિય આત્મા જ છે. આત્મા પ્રિય છે એટલા માટે જ બધું પ્રિય લાગે છે. મારૂં મસ્તક આપના ચરણમાં ઝૂકેલું છે, જેથી આપના ચરણનાં દર્શન થાય. આપને મન, વચન અને કર્મથી નમસ્કાર.

## યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ

# શાળા, કોલેજો અને ગુટખા વેચાણ કેન્દ્રો

કોઈપણ નિયમ કે કાયદો બનાવવામાં આવે છે. ત્યારે એની પાછળ શુભાશય હોય છે જો એ નિયમ કે કાયદાનું યોગ્ય રીતે અમલીકરણ થાય તો! અઢાર વર્ષની નીચેના બાળકો કે કિશોરોને તમાકુ કે ગુટખા વેચવો એ કાયદાકીય રીતે ગુનો બને છે. પ્રત્યેક પાનવાળાને ત્યાં કે લારી-ગલ્લા પર આ સૂચના મોટા અક્ષરે લખી હોય છે પણ કાગળ પરનો વાઘ શું કામનો? એ રીતે ખાલી લખવા માત્રથી શું થવાનું?

હમણાં મળેલી આંકડાકીય વિગતો પરથી ગુજરાત ગુટખાને કારણે કેન્સર થનારા સભ્યોમાં બીજા ક્રમે છે. આ આંકડાકીય વિગતો ચોંકાવનારી છે અને એટલે અત્યારે ગુટખા ઉપર પ્રતિબંધ મુકવા માટે મોટા પાયે ઝુંબેશ ચાલી રહી છે. આપણે જરા નજર નાખીશું તો ખ્યાલ આવશે કે આ ગુટખા કે તમાકુ આધારિત વ્યસની પદાર્થોનું સૌથી વધુ વેચાણ ક્યાં થાય છે.? શાળા કે કોલેજના વિદ્યા સંકુલની આસપાસ આ પદાર્થોનું વેચાણ સૌથી વધુ થાય છે. અનો અર્થ એ થયો કે શાળાનાં બાળકો અને કોલેજના યુવાનોમાં એનું સેવન વધારે છે. શાળા કે કોલેજના અમુક વિસ્તાર સુધી લારી-ગલ્લા ઉભા રાખવાની પરવાનગી નથી. એવો કાયદો પણ છે પરંતુ ઉપર કહ્યું તેમ કાગળ ઉપરવા વાઘનું કરવાનું શું?

નાની ઉમરથી એટલે કે શાળાકીય અભ્યાસ દરમિયાનથી ગુટખા કે એવા પદાર્થોનું વ્યસન શરૂ થઈ જાય છે. પછી કોલેજમાં આવતા સુધીમાં તો પાન, બીડી, તમાકુ, ગુટખાના એવા વ્યસની થઈ જવાય છે કે, આદત કેમેય કરીને છૂટતી નથી. અમદાવાદ સ્થિત સિવિલ હોસ્પિટલ કેન્સર વિભાગની મુલાકાત લેવામાં આવે તો ખબર પડે કે રોજ રોજ કેન્સરના દર્દીઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો જ થતો જાય છે. એમાં યુવાનોની સંખ્યા વધારે હોય છે.

આ પ્રકારના વ્યસન પાછળ કેટલાયે પરિવારો કામ કરતા હોય છે. તણાવગ્રસ્ત જિંદગી અને સૌથી મોટું પરિબળ ગણાય છે. શાળા કે કોલેજના અભ્યાસ દરમ્યાન દેખદેખીમાં કે શોખને ખાતર સ્વાદ માણવાનું ગમે છે. પણ પછી એ સ્વાદ દાઢમાં રહી જતો હોય છે અને વ્યસન પેંધું પડી જતું હોય છે. ગુટખા કે અન્ય વ્યસન ઊંધઈની જેમ કામગીરી કરતું હોય છે. તમને અંદરથી ખોખલું કરતું જાય છે અને એની જાણ છે ક છેલ્લે તબક્કામાં જ થતી હોય છે, જ્યારે કશો ઈલાજ કારગત નીવડતો નથી.

આજે તો એવી પણ શંકા જાય છે કે, શાળા અને કોલેજો પોતે તો ગુટથા વેચાણ કેન્દ્રો નથી ને ? કોઈપણ સંકુલમાં એક આંટો મારી આવો અથવા ભાઈઓના લઘુશંકા નિવારણ કેન્દ્રોની મુલાકાત લઈ આવો તમને ગુટખાની પડીકીના પાઉચ મળશે મળશે ને મળશે જ.! જો કોઈ, શાળઆ કે કોલેજ આમાંથી અપવાદ હોય તો એને ધન્યવાદ આપવા ઘટે! આજે ગુટખાની અજગર થાય એવી તો ફેલાયેલી છે કે એમાંથી શાળા કોલેજો પણ બચી શકે એમ નથી ? શાળા કે કોલેજના આચાર્ય આ બાબતે જાગૃત હોય તો એ પોતાના વિદ્યાસંકુલની આસપાસના આવા વેચાણ કેન્દ્રો દૂર કરાવી શકે. એમની ધ્યાનમાં કોઈ આવો વ્યસની વિદ્યાર્થી આવે તો કાઉન્સેલિંગ દ્વારા વાલીઓ, શિક્ષકો અને આચાર્યોની જાગૃતિ ગુટખા કે અન્ય વ્યસની પદાર્થોના દૂષણને ડામવા માટે અત્યંત આવશ્યક છે.!

# આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં ૬૬મો સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. જયેન્દ્રભાઈ જે. ભટ્ટ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમના વરદહસ્તે ધ્વજવંદન થયેલું હતું. કૅમ્પ ડાયરેકટર સોમભાઈ પટેલે પ્રાસંગિક પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. સંસ્થાના અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની ઉદ્ઘોષણા કેતનભાઈ પટેલે કરી હતી.

# આર.એચ. પટેલ બી.એડ્ કોલેજમાં વેશભૂષા અને સમૂહ ગાનની હરિફાઈ

ગાંધીનગર, તા. ૧૬

એકતામાં બળ છે એ કહેવત ચારીતાર્થ કરવા આઝાદીના દિવસના પૂર્વ દિને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.ઍડ્ કોલેજમાં વેશભૂષા સહ રાષ્ટ્રીય ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વેશભૂષા સ્પર્ધામાં ભાતીગળ સંસ્કૃતિને વંદન કરાવતી ૧૨ જેટલી ટુકડીઓએ એમના વિભિન્ન અને મોહક પહેરવેશથી પ્રસન્ન કરી દીધા હતા. મહાત્મા ગાંધી ગૃપ પ્રથમ નંબરે, દ્વિતીય નંબરે ચંદ્રશેખર આઝાદ ગૃપ, તૃતીય નંબરે મંગલ પાંડે ગૃપ વિજેતા નીવડ્યું હતું.

# મુબારકપુર ખાતે સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

મુબારકપુર, તા. ૧૬

શિક્ષણ સંકુલ મુબારકપુરમાં ક્રિસ્ટલ સ્કુલ અને સંસ્કાર મંગલમ વિદ્યાલય સંયુકત રીતે રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી હતી.

આચાર્ય જી.ડી. પટેલના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. નૈતિકના ગુણો ખિલવી દેશસેવાની શીખ આપી હતી. ક્રિસ્ટલ પબ્લિક સ્કુલના આચાર્ય પુનમબેને શહીદોની કુરબાનીને યાદ અપાવી હતી.

કાર્યક્રમનું સંચાલન સંસ્કાર મંગલ વિદ્યાલયના શિક્ષક પરાગભાઈ રાવલે કર્યું હતું. સમાપન શૈલેષભાઈ એ કરાવ્યું હતું.

# શ્રાવણ માસ શિવજી માટે 'રીઝર્વ' છે

વૃક્ષોમાં વડ વિરાટ છે, જંગલમાં સિંહ વનરાજ છે; પક્ષીઓમાં મોર શિરમોર છે; આકાશમાં ચંદ્ર ચિત્તચોર છે; પુષ્પોમાં ગુલાબની ગરિમા છે; ઋતુઓનો રાજા વસંત છે એ રીતે જો દેવાધિદેવમાં જો કોઈ ભોળામાં ભોળું હોય તો એ ભોળાનાથ, મહાદેવ આશુતોષ, મહેશ શિવજી ભગવાન છે.

શ્રાવણ માસ શિવજી માટે 'રિઝર્વ' છે. એનાં અનેક નેક કારણો છે. એ પાર્વતીજીના પ્રેમાળ પતિ છે, ગણેશજી અને કાર્તિકેયજીનાં પુણ્યશાળી પિતા છે, દક્ષ પ્રજાપતિના એ જમાઈરાજ છે, ભૂતોના એ નાથ છે, નંદી એમનું વાહન છે, બીજનો ચંદ્ર ભૂષણ છે, નાગ ગળાનો હાર છે, ભસ્મ શણગાર છે, વ્યાધચર્મ બેઠક છે, નીલકંઠ શોભા છે અને ભાગીરથી ગંગા મુગટ છે, જટામાં છટા છે અને ત્રણ ત્રણ આંખો છે. આવા રૂપને ધારણ કરનારા કોઈ બીજા ભગવાન બતાવો તો ખરા!!

ત્રિશૂળ આધિ, વ્યાધિ, ઉપાધિ, હરનારું છે; ડમરું એમના દુંદુભિનાદનું નગારૂં છે, ભૈરવ એમનો વૈભવ છે, યત્રો એમના યાર છે, ગંધર્વો એમની ગરિમા છે, બીલી એમની છત્રછાયા છે, કાચબો સંયમ છે, રૂદ્રાક્ષની માળા જ્ઞાનની પાઠશાળા છે, ધજામાં એમની મજા છે. એ નટરાજ તાંડવ નૃત્યના તજજ્ઞ છે, ગૌમુખી એમની લક્ષ્મણરેખા છે અને જળાધારી એમને બહુ વહાલી છે.



શિવ રૂપે સાકાર છે અને લિંગ રૂપે નિરાકાર છે. રાવણ ઉપર રીઝ્યા તો બધું આપી દીધું અને કામદેવ ઉપર ખીજ્યા તો સર્વસ્વ બાળીને રાખ કરી દીધું. (૧) મહાદેવ, (૨) ભોળાનાથ, (૩) શિવજી (૪) નીલકંઠ (૫) હરહર ભોલે (૬) પિનાકપાણિ, (૭) ચંદ્રમૌલિ (૮) આશુતોષ (૯) મહેશ (૧૦) અર્ધ-નારીશ્વર (૧૧) ભૂતનાથ અને (૧૨) નટરાજ.

આ બાર નામ લો તો બધાં દુઃખોના બાર વાગી જાય. અને સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલ, ૐ કારેશ્વર, કેદારેશ્વર, ભીમેશ્વર, કાશી વિશ્વનાથ, ત્ર્યંબકેશ્વર, વૈદ્ય નાથેશ્વર, નાગેશ્વર, રામેશ્વર અને ધુમેશ્વર - આ બાર સ્વયંભૂ લિંગનું નિત્ય સ્મરણ કરો તો બેડો પાર થઈ જાય.

શિવ એટલે શું? 'શ' એટલે નિત્ય સુખ અને આનંદ આપનાર. 'ઈ' એટલે પુરૂષ અને 'વ' એટલે અમૃત. જે સદા સૌને અમૃત સમાન સુખ-આનંદ આપે છે એવા પુરૂષ એટલે શિવ. શિવનો સરળ શાબ્દિક અર્થ છે : કલ્યાણ. શિવ શબ્દને ઉલટાવો તો વશિ વશ કરનાર. તમે એમ સમજો ને કે ૐ નમઃ શિવાય નું રટણ કરો એટલે બધા તમારા વશમાં!! આજથી જ રટણ શરૂ.

હાથીના પગલામાં જેમ બધાં જ પગલાં સમાઈ જાયા તે રીતે શિવજીના આ પંચાક્ષર મંત્રમાં શિવજીની સમસ્ત શક્તિનો સાર આવી જાય છે. જેમ દૂધનો સાર ઘી છે; ફૂલનો સાર મધ છે; ધર્મનો સાર ગીતા છે, ફળનો સાર શ્રીફળ છે, સાગરનો સાર રત્નો છે, જીવનનો સાર મોક્ષ છે. બસ - એ જ રીતે શ્રાવણ માસમાં શિવતત્ત્વનો સમગ્ર સાર આ ૐ નમઃ શિવાય મંત્રમાં આવી જાય છે.

શિવજીનો સંપૂર્ણ પરિચય, સંપૂર્ણ ચરિત્ર, કથાનું સરનામું છે શિવ મહાપુરાણ. બે ભાગમાં છે, કુલ : ૧૨ સંહિતા છે, ૨૪૦૦૦ શ્લોકો છે, જેમાં બાર પ્રકારનાં દાનનો મહિમા છે, સ્વયંભૂ, બિંદુ, ચર, સ્થાપિત અને ગુરૂ - એમ પાંચ પ્રકારનાં શિવલિંગોનો વિસ્તૃત મહિમા છે. શિવજીને નખશિખ સંપૂર્ણ સમજી લેવા માટે શ્રાવણમાં એક વાર તો શિવમહાપુરાણ જરૂરથી સાંભળશો કે વાંચશો.

વિશ્વમાં એક જ ભગવાન એવા છે એમાં એમની સાથે સાથે એમનો આખે આખો પરિવાર પ્રેમથી પૂજાય છે. બ્રહ્માંડના મુખ્ય અધિપતિ શિવ છે તો આદ્યશક્તિ મા જગદંબા ખુદ શિવપત્ની પાર્વતીજી છે. એમના બે પુત્રો. ગણેશજી એવા દેવ છે કે કોઈ પણ માંગલિક પ્રસંગ હોય... એમને સૌ પ્રથમ યાદ કરવા જ પડે અને એમનાં પત્ની રિધ્ધિ અને સિધ્ધિ ની જો કૃપા ન હોય તો બધાં કામ અટકી પડે તો બે પુત્રો લાભ અને શુભના આશીર્વાદ માટે ઘરનાં દ્વારે જ કંકુથી એમની સ્થાપના દરેક ગૃહિણી કરી જ દે એવો એમનો મહિમા છે.

કાર્તિકેય વગર તો સમગ્ર દેવલોકનું સામ્રાજય ધૂંધળું જ થઈ ગયેલું... એથી સમગ્ર દેવતાગણ એમની પૂજા કરે. યક્ષો, ગંધર્વો, નંદી, કાચબો, શિવલિંગ, પીઠિકા, ગૌમુખી - આ તમામે તમામ શિવજી પરિવારનાં અભિન્ન અંગ છે, આ બધાનો જો સંગ હોય તો જીવનનો જંગ જીતી જવાય છે, ઢંગથી ભક્તિ કરો તો દંગ થઈ જવાય એવાં પરિણામ પ્રાપ્ત થાય છે, કોઈ રંગમાં ભંગ પડતો જ નથી. આથી તો તે સૌ દેવામાં 'સુપ્રીમો' ગણાય છે.

બ્રહ્માજી સર્જન કરે, વિષ્ણુજી પાલન કરે તો શિવજી બધું એક જ પળમાં વિસર્જન કરે તેટલા શક્તિશાળી છે. આવો - આ શ્રાવણ માસમાં શિવલિંગ ઉપર બિલીપત્ર ચડાવીએ; દૂધ, પી, મધ, પાણીથી અભિસેક કરીએ અને અર્ધ નારીશ્વર - શિવજી અને પાર્વતીજીને પ્રસંન્ન કરી તેમના આશીર્વાદ મેળવી સૌ સુખી થઈએ. ૐ નમઃ શિવાય.

- પી.એમ.પરમાર (દર્શન)

# પારસીઓને પતેતી ટાણે નવરોઝ મુબારક

## પ્રસંગસર

- નરેશ ઠાકર

પહોળો પાયજામો, કુરતા જેવું પહેરણ, માથા પર કાળી મખમળી ગોળ ટોપી, કાલી-મીઠી પારસી ગુજરાતી ભાષા બોલતો ઉમદા, દિલાવર અને મોટા મનનો પારસી અલગ તરી આવે છે. પારસી કાંતો પ્રખર બુધ્ધિશાળી કે મેડ-કેપ-એકાદ ઢીલા પેચવાળો કહેવાય છે, પરંતુ સાહસિક અને ચેરીટી તેના ડીએનએમાં કાયમી લેખાય છે. કોલોનીમાં વસતાં પારસીની નવી પેઢી પેદા થાય, પરણે, પાંગરે અને મરે છે, કામની લગની લગાવે છે. ધંધામાં નેકી કાયમ અને મિલાવટનું કયારેય નામ નહોય છે. પારસણ ખર્ચાળ ગણાય છે.

પારસી રૂઢિચુસ્ત પણ જીવન આધુનિક માણે છે. નવી પેઢી કૉન્વેન્ટ અંગ્રેજીમય પણ દાદા-દાદી સાથે સંવાદ ગુજરાતીમાં જ કરે છે. આજે પણ આલ્બેસ - લગ્ન સમારોહમાં વરવધૂની પાછળ 'શેહાદી મુબારક' ગુજરાતીમાં એલઈડી લાઈટ-સિરીઝથી ઝબુકે છે, શેહાદીનો અર્થ શાદી થાય છે.

નવરોઝ શબ્દ અસલમાં 'નો રોઝ' અર્થાત્ નવો દિવસ ગણાય છે. પારસી અગિયારીઓ (અગ્નિ મંદિરો)ની દિવાલો પર ગુજરાતી ભાષામાં હિતોપદેશનું લખાણ જોવા મળે છે. પારસી નવી પેઢી સભર ઍંગ્લો-પારસી ગુજરાતી બોલીથી ઓળખાય જાય છે.

કહે છે કે, 'સાલ મુબારક' શબ્દ પારસીઓની દેણ છે, જે ગુજરાતીઓએ નવા વર્ષનાં અભિવાદનમાં અપનાવ્યો છે.

અરબ મુસ્લિમ જુલ્મથી બચવા, પવિત્ર અગ્નિને પ્રજ્જવલિત રાખવા સન ૭૧૬માં પારસીઓએ ફારસ/ઈરાન વતનને અલવિદા કરી ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતના સંજાણ કેસિન્દાન પાસે વહાણ લંગાર્યા હતા. પારસીઓ દૂધમાં સાકરની જેમ ગુજરાતમાં ભળી ગયા અને દેશમાં ગુલાબની ખૂશ્બુની જેમ પ્રસરતા રહ્યા છે. પ્રથમ પારસી બૅરિસ્ટર ફિરોઝ શાહ મહેતા સહિત, દેશની સ્વાતંત્ર્ય લડતમાં ઈમાનદાર, શિક્ષિત અને અંગ્રેજી જાણકાર પારસીઓ પણ આગળ આવ્યા હતા. દાદાભાઈ નવરોજજી આઝાદી જંગમાં અગ્રેસર હતા. પ્રથમ સ્ત્રી ક્રાંતિકારી મૅડમ ભિખાઈજી કામાએ જર્મનીના સ્ટ્રગાર્ટમાં ૧૮મી ઑગષ્ટ ૧૯૦૮ ના રોજ ભારતીય ત્રિરંગો ફરકાવ્યો હતો. સોટકા શિક્ષિત પારસીઓનો સખાવતોમાં ઝળહળાટ જાણીતો છે. જે.જે. હૉસ્પિટલ અને મુંબઈ-માહિલમાં પૂલ માટે જે તે સમયે લાખો રૂપિયાની સખાવત કરી હતી.

આર્ય પ્રજા પારસી આદિપૂર્વજ સ્પીટમાન જરથુસ્ત્ર કે ઝોરોઍસ્ટર ગણાય છે, જેનો અર્થ સોનેરી તારો પણ કહેવાય છે, જરથુસ્ત્ર આઠ હજાર વર્ષ પહેલાં, એટલે કે ઈસા પૂર્વ સાતસોનાં સમયમાં બલ્ખમાં જન્મ્યા હતા. સિત્ત્યોત્તેર વર્ષની ઉંમરે તેઓની અગ્નિ મંદિરમાં પૂજા કરતી વખતે હત્યા થઈ હતી. પારસીઓ જરથોસ્તી કે ઝોરોસ્ટ્રીઅન તરીકે વિશ્વમાં ઓળખાય છે.

પારસી ચરિત્રના ત્રણ આધાર સ્થંભ હુમત - સદ્વિચાર, હુખન - સદ્વાક્ય અને હુવરસ્ત - સદ્કાર્યને પારસી ધર્મગ્રંથમાં સ્થાન આપ્યું છે. ગુજરાતીઓની વર-કન્યાને અક્ષત - કંકૂ કપાળ પર ચોંટાળીને વધાવવાની પ્રથા પારસીઓએ અપનાવી છે. હિન્દુ ઉપનયન સંસ્કારની જેમ, સાતથી પંદર વર્ષના છોકરા-છોકરી માટે નવો ધાર્મિક જન્મ નવરોઝ પ્રસંગે એક ગિરોબાન એટલે કે, ખિસ્સાવાળુ સફેદ સુદરેહ - સદરો પહેરી આસ્તા ભરવામાં આવે છે. કમર પર ચાર ગાંઠવાળી કમરબંધ કે કસ્તી બાંધવામાં આવે છે.

પારસીઓ અગ્નિપૂજક છે, અગ્નિને આતશ કહે છે. આ પૂજા આતશ - બહેરામથી જાણીતી છે. આ પવિત્ર આતશ ગુજરાતમાં અગાઉ વાંસદા, નવસારી, વલસાડમાં સ્થળાંતર કરીને, અંતે ઉદવાડા ખાતે સ્થાપિત કર્યો છે. જેથી ઉદવાડા હવે પારસીઓનું યાત્રાધામ ગણાય છે.

ધર્મનિષ્ઠ પારસી ધુમ્રપાનથી દૂર રહે છે. પારસી મૃતદેહને અગ્નિસંસ્કાર ન આપવાના કારણોમાં જળ, પવન, વૃક્ષ કુદરતનાં તત્ત્વો ગણીને પૂજાતા હોય, અગ્નિમાં મૃતદેહ નાંખવાનું પાતક-પાપ સમજે છે, અપવિત્ર માને છે. મૃતદેહને સુદરેહમાં લપેટીને ટારવ ઑફ સાયલન્સ કે ડુંગરવાડીમાં દોખ્મેનશીન કરવામાં આવે છે. મૃતકને લઈ જતા ડાઘુઓને નસરસાલા કહે છે. દોખ્મામાં ગીધો મૃતદેહની અંત્યેષ્ટિ ક્રિયા કરે છે. અને અસ્થિ મધ્યકૂવામાં પડે છે. જયાં અસ્થિ ચૂના-ફૉસ્ફરસમાં ભળી ખાક થઈ જાય છે. આ સ્થળે વખતોવખત પધ્ધતિસર સાફસફાઈ કરે છે.

મૃત્યુ પછી બીજા દિવસે ઉઠમણું હોય છે. ત્રણ દિવસનાં શોકમાં માત્ર શાકાહારી ખોરાક લે છે. ચોથા ચહારૂમ દિવસેથી રોજીંદુ ભોજન લેવાનું શરૂ કરે છે, ત્રણ દિવસોમાં પૂજા-પાઠ થાય છે.

પારસી ધર્મગુરૂ દસ્તૂરનો વિશેષ આદર થાય છે. પારસીઓ જિંદગીને પૂજા કે બંદગી માટે ગણે છે, પૂજા-ધાર્મિક આસ્થા વગરની જિંદગી શરમજનક ગણાય છે!!!

પારસીઓ જરથોસ્તીઓ આજે પણ મૂળ વતન ઈરાનમાં શિક્ષિત લઘુમતી કોણ ગણાય છે. તહેરાનમાં થોડી વધુ સંખ્યામાં વસ્યા છે, તેઓનું ધર્મસ્થાન દક્ષિણમાં આવેલ યઝદ નગર છે.

પારસીઓને રમૂજ પ્રિય હોય છે. પારસી બચ્ચા જમશેદજી જીજીભાઈ પ્રથમ હિન્દી બૅરોનેટ બન્યા હતા.

દેશમાં આરોગ્ય - શિક્ષણ, સ્ત્રી-શિક્ષણ, કાપડ-લોખંડ, જહાજ ઉદ્યોગોમાં પારસીઓનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

દેશની સેવાઓમાં પારસી તારલાઓ અણુ-અણુસંધાનના પિતા હોમી જહાંગીર ભાભા, હોમી નસરવાન શેઠના, ફિલ્ડ માર્શલ સામ હોરમુસજી ફરામજી જમશેદજી માણેકશા, નૌકાધ્યક્ષ જાલ, કર્સેટજીએ ગૌરવ અપાવ્યું છે.

ઓગણીસો સિત્તેરનાં દાયકામાં નોંધાયેલ માંડ નેવું હજાર પારસીઓની આ દેશની સંખ્યા, વાસ્તવમાં લઘુમતીમાં હોવા છતાં કોઈ પ્રકારે હક્ક માંગ્યો નથી, પરંતુ, એકે હજારાની જેમ દેશની પ્રગતિમાં યથાશક્તિ યોગદાન આપી રહેલ છે.

પારસી ધાર્મિક પોથી 'પતેત પશેમાની' નું પઠન કરી, સૌનું કલ્યાણ ઈચ્છતા તમામ પારસીઓને તેઓનાં નવા વર્ષ પતેતીનાં શુભદિને હાર્દિક 'નવરોઝ મુબારક' પાઠવી પારસીઓ દ્વારા ફેલાઈ રહેલ મહેક ઘડીક માણીએ.